રાજસ્થાન ભાજપમાં ઊભી થયેલી કટોકટી

જયપુર,તા.૬

રાજસ્થાન ભાજપમાં ઉભી થયેલી કટોકટી વધુ ઘેરી બની રહી છે. નારાજ થયેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ૪૩ વફાદાર ધારા સભ્યોએ પણ તેમની સાથે જ રાજીનામુ આપી દેવાની ઓફર કરી છે. બીજી બાજુ ભાજપની ટોચની નેતાગીરીને મતભેદોને દૂર કરવા પ્રયાસો હાથ ધર્યા છે. ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ કહ્યુ છે કે કોઈપણ મતભેદ નથી અને કોઈપણ કટોકટી નથી. વસુંધરા રાજે પક્ષના પ્રાથમિક સભ્યપદથી રાજીનામુ આપી દીધાના અહેવાલ મળ્યા છે. વસુંધરા રાજેની સાથે ૪૩ ધારાસભ્યો પણ રાજીનામુ આપવાની ઓફર કરી ચુક્યા છે. વસુંધરા રાજે રાજયના પૂર્વ ગૃહપ્રધાન ગુલાબચંદ કટારીયાની લોક જાગરણ યાત્રાને લઈને નારાજ દેખાઈ રહ્યા છે. વસુંધરાના રાજીનામાના સમાચાર ફેલાતાની સાથે ધારાસભ્યોએ રાજીનામુ આપવાની ઓફર કરવાની શરૂઆત કરી હતી. રાજસ્થાન ભાજપમા ઉભી થયેલી કટોકટીને ઉકેલવા પક્ષપ્રમુખ નીતિન ગડકરીએ આવતીકાલે સવારે મહત્વપૂર્ણ મીટિંગ બોલાવી છે. વસુંધરાના રાજીનામાના અહેવાલ વચ્ચે પાર્ટી હાઈકમાન્ડમાં ગૂંચવણ દેખાઈ રહી છે. બીજી બાજુ હવે વસુંધરારાજે પણ વલણ હળવુ કર્યુ છે.વસુંધરાએ પોતાનુ રાજીનામુ પાર્ટી હાઈકમાન્ડને મોકલી દીધુ છે પરંતુ મીડિયની સામે આવતીની સાથે વસુંધરાએ કહ્યુ હતુ કે પાર્ટીમા

કોઈ મોટા મતભેદ નથી તેમણે કહ્યુ હતુ કે તેમનુ રાજીનામુ પાર્ટનો આંતરિક મામલો છે અને વાતચીતથી ઉકેલી દેવામા આવશે. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા મુખતાર અબ્બાસ નકવીએ કહ્યુ છે કે રાજસ્થાન ભાજપમા કોઈપણ મતભેદ નથી. લોક જાગરણ યાત્રા ટાળવાની વાત કરના કટારીયાએ પાર્ટીના હિતમાં યાત્રા રદ કરવાની જાહેરાત કરી ચુક્યા છે. દરમિયાના પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરીએ આ મામલે મહત્વપૂર્ણ મીટિંગ બોલાવી છે.આવતીકાલે સવારે ૧૦ વાગે આ મીટિંગ યોજાશે. વસુંધરા રાજેના કેટલાક સમર્થકો પણ રાજીનામુ આપવાની ઓફર કરી છે. વસુંધરાએ દાવો કર્યો છે. ૪૫ ધારાસભ્યો તેમને સમર્થન આપી રહ્યા છે. ૩૩ ધારાસભ્યો રાજીનામાની ઓફર કરી ચુકયા છે. વસુંધરાના નિવાસે મીટિંગ યોજાઈ હતી. ભાજપે આજે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે રાજ્ય એકમમા તિરાડ છે રાજે પક્ષ છોડશે તેવા અહેવાલ પાયા વગરના છે ભાજપના વરિષ્ઠ નેતા બલબિર પુંજે કહ્યુ હતુ કે જુદા જુદા અભિપ્રાયોને તિરાડ કહી શકાય નહી. વસુંધરા રાજ ખુબ જ સન્માનિત નેતા છે. ભાજપ એક છે અને રાજસ્થાનમા કોંગ્રેસની સામે સાથે મળીને લડશે.

વસુંધરા નારાજ કેમ છે

રાજસ્થાનામાં વિધાનસભાની ચૂટણી નજીક છે ત્યારે ગુલાબચંદ કટારીયા યાત્રા કાઢવાની ગણતરી કરી રહ્યા હતા. કટારીયાની યાત્રાને લઈને વસુંધરા નારાજ હતા. જો કટારીયાએ યાત્રા કાઢી હોત તો મુખ્યમંત્રીઓના દાવેદારમા તેમનુ નામ સામેલ થઈ ગયુ હોત. મેવાડના જે વિસ્તારમા આ યાત્રાનુ આયોજન કરવા આવ્યુ હતુ તે વિસ્તારમા વિધાનસભાની ૩૦ સીટો છે. આ યાત્રીની અસર સીધી રીતે થઈ હોત. કટારીયાની તરફેણમા મતદારો આગળ આવ્યા હોત.

અમેરિકી વિદેશ પ્રધાન હિલેરી ક્લિંટન ભારત આવી પહોંચ્યા

કોલકાતા, તા.૬

અમેરિકાના વિદેશ મંત્રી હિલેરી ક્લિંટન ભારતના પ્રવાસના પ્રથમ તબક્કામાં આજે કોલકાતા પહોંચ્યા હતા. કોલકાતામાં બે દિવસના રોકાણ દરમિયાન હિલેરી ક્લિંટન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાતચીત કરશે. વાતચીત દરમિયાન દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થાય તેવી સંભાવના છે. હિલેરી ક્લિંટન આ અગાઉ ૧૯૯૭માં મધર ટેરેસાના અવસાન બાદ કોલકાતામા આવ્યા હતા. હિલેરીના સ્વાગત માટે ભારતમાં અમેરિકાના રાજદૂત મેન્સી પોવેલ થતા પ્રદેશના સિનિયર સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. હિલેરી ક્લિંટન બાંગ્લાદેશના પાટનગર ઢાકામાં ટોચના લોકો સાથે મળ્યા બાદ સીધા કોલકાતા પહોંચ્યા હતા. મળેલી માહિતી મુજબ ભારતીય સાંસ્કૃતિ સંબંધિત કાર્યક્રમમાં હિલેરી ક્લિંટન હાજરી આપી શકે છે. વિકટોરિયા મેમોરિયલમાં પણ જઈ શકે છે. અમેરિકી કેન્દ્રના સૂત્રએ કહ્યુ છે કે હિલેરી ક્લિંટન સોમવારના દિવસે આવતીકાલે અનેક વર્ગોના લોકોની સાથે એક કાર્યક્રમમાં ભાગ લેશે. રાજ્ય સચિવાલય રાઈટર્સ બિલ્ડિંગમાં મુખ્યમંત્રી સાથે વાતચીત કર્યા બાદ હિલેરી ક્લિંટન દિલ્હીમાટે રવાના થશા. હિલેરીના આ યાત્રા દરમિયાન ઈરાન મામલે ભારતીય ખાતરી મેળવવાના પ્રયાસ કરશે.

રોહતક નજીક પંજાબ મેલ ખડી પડતાં ૨૬ યાત્રીઓને ઈજા

રોહતક, તા.૬

હરિયાણાના રોહતક જિલ્લામાં આજે સવારે દિલ્હી જતી ફિરોજપુર-મુંબઈ પંજાબ મેલના આઠ ડબ્બા પાટા પરથી ખડી પડતા તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. આ બનાવમાં ઓછામાં ઓછા ૨૬ યાત્રીઓને ઈજા થઈ હતી. ઈજા પામેલા લોકોને તાત્કાલીક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા. બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. રોહતક રેંજના આઈજીપી આલોક મિત્તલે કહ્યુ હતુ કે દિલ્હીથી આશરે ૭૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં આજે સવારે ૪ વાગે આ બનાવ બન્યો હતો. તેમણે કહ્યુ હતુ કે સેકન્ડ કલાસ સ્લીપરના છ ડબ્બા, એક લગેજ કમ્પાર્ટમેન્ટ અને ગાર્ડ કોચ ખડી પડ્યા હતા. જો કે આ બનાવમાં કોઈનુ મોત ન થતા તંત્રને રાહત મળી હતી. રેલવે અધિકારીઓનુ કહેવુ છે કે કોચ પૈકીના પાંચ કોચ ઉથલાઈ પડ્યા હતા. રેલવે સત્તાવાળાઓએ સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપ્યો છે. અકસ્માતના સ્થળે રેલવે અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે ઘટના સ્થળે રેલવે ટ્રેકના ઓછામા ઓછા ૫૦ મીટરને નુકસાન થયુ હતુ. તેમણે ઉમેર્યુ હતુ કે અમે અકસ્માતના કારણો જાણવા પ્રયાસ કરી રહ્યા છે. પોલીસે કહ્યુ હતુ કે ખડી પડેલા ડબ્બામાં મોટાભાગના યાત્રીઓ જયારે બનાવ બન્યો ત્યારે ઉંઘી રહ્યા હતા. ઘાયલ થયેલા ૨૬ લોકોને રોહતક ખાતેની પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડીકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક દર્દીને માથામાં ઈજા થઈ હતી. અન્ય દર્દીઓને કોઈ મોટી ઈજા થઈ નથી. રોહતક-દિલ્હી સેક્સન ઉપર ટ્રેન સેવા સંપૂર્ણ પણે ખોરવાઈ ગઈ હતી. ટ્રેકને વ્યવસ્થિત કરવાના પ્રયાસ વિવિધના ધોરણે હાથ ધરવામાં આવ્યા હતા. ૧૬ લોકલ સહિતની ૩૦ ટ્રેનોને અસર થઈ હતી. અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી જયારે કેટલીક ટ્રેનોને ડાયવર્ટ કરવામા આવી હતી. મિત્તલે કહ્યુ હતુ કે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા કેટલાક લોકોએ મોબાઈલ થી પોલીસને માહિતી આપી દીધી હતી જેથી પોલીસ ટીમ વહેલી તકે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બચાવ ઓપરેશનમાં રેલવે અધિકારીઓની મદદ લેવામાં આવી હતી. રેલવે મિનિસ્ટર મુકુલ રોયે સવારમાં હોસ્પિટલ સત્તાવાળાઓ સાથે વાતચીત કરી હતી. તેઓએ ડિવિજનલ રેલવે મેનેજર સાથે વાત કરી હતી. અધિકારીઓએ કહ્યુ છે કે રેલવે સારવારનો ખર્ચ ઉપાડશે.

અકસ્માતની સાથે સાથે

- ● દિલ્હી જતી ફિરોજપુર-મુંબઈ પંજાબ મેલના આઠ ડબ્બા ખડી પડ્યા
- ● હરિયાણાના રોહતક જિલ્લામાં બનાવ બન્યો
- ● વહેલી સવારે ૪ વાગે બનાવ બન્યા બાદ ટ્રેન સેવા ખોરવાઈ
- ● ઘાયલ થયેલા યાત્રીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ ઈન્સટિટ્યુટ ઓફ સાયન્સમા દાખલ કરાયા
- ● ટ્રેકને વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરાઈ
- ● રેલવે પ્રધાન દ્વારા સંબંધિત અધિકારીઓ સાથે વાત કરાઈ
- ● ઘાયલ થયેલા યાત્રીઓની સારવારનુ ખર્ચ રેલવે ઉઠાવશે
- ● બનાવના મામલામા તપાસનો આદેશ અપાયો
- ● મોટી દુર્ઘટના ટળી જતા તંત્રને રાહત થઈ
- ● આશરે ૩૦ ટ્રેનો રદ કરવામાં આવી હોવાનો અહેવાલ
- ● ઘાયલ યાત્રીઓ પૈકી અનેકની હાલત ગંભીર
- ● અકસ્માત સર્જાયા ત્યારે યાત્રીઓ ઉંઘી રહ્યા હતા
- ● ઘાયલ યાત્રીઓએ જ ફોન કરીને પોલીસને દુર્ઘટના અંગે જાણ કરી

મોદી-નીતિશ કુમારની બેઠકથી લાલુ લાલઘૂમ

નવી દિલ્હી, તા.૬

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમા એનસીટીસીની મીટિંગ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર વચ્ચે થયેલી વાતચીત અને તેમના હાથ મિલાવતા ફોટાને લઈને પણ હોબાળો થઈ ગયુ છે. નીતિશ કુમારની બિનસાંપ્રદાયિક છાપને લઈને પ્રશ્નો થવા લાગ્યા છે. પટનામાં પત્રકારો સાથે વાતચીત કરતા લાલુ યાદવે કહ્યુ છે કે મોદીની સાથે છપાયેલા ફોટા પર નીતિશ કુમાર લાલઘુમ થઈ ગયા હતા. પરંતુ તેમના નાટકો હવે લોકોની સામે આવી ગયા છે કારણ કે દિલ્હીમા આયોજિત એનસીટીસીની મીટિંગમાં મોદી અને નીતિશ એક સાથે નજરે પડ્યા હતા કલાકો સુધી એક સાથે રહ્યા હતા. લાલુએ કહ્યુ હતુ કે નીતિશ એવી દલીલ કરે છે કે મોદીની સાથે તેઓ રહેવા ઈચ્છતા નથી પરંતુ ગઈકાલે મોદીની સાથે વાતચીત દરમિયાન લોકોએ જોઈ લીધુ છે કે મોદી અને નીતિશ કુમાર એક સાથે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર વચ્ચે હમેંશા સારા સંબંધ રહ્યા છે. એનસીટીસીને લઈને મુખ્યમંત્રીઓના વિરોધ અંગે પૂછવામાં આવતા લાલુએ કહ્યુ હતુ કે કોઈપણ કામ તમામની સહમતિ સાથે થવુ જોઈએ. ખેંચતાણની સ્થિતિ સાથે કામ થવુ જોઈએ નહી. આરજેડીના નેતા લાલુ યાદવે કહ્યુ હતુ કે નીતિશ કુમાર કોઈની પણ દલીલો સાંભળવા તૈયાર નથી. લાલુ યાદવે નીતિશ કુમાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા.

આમીરના સત્યમેવ જયતે કાર્યક્રમની પ્રશંસા

મુંબઈ,તા. ૬

આમીરખાનના પ્રથમ ટેલિવીઝન કાર્યક્રમ સત્યમેવ જયતેના પ્રથમ એપિસોપ આજે પ્રસારિત થયા બાદ તેની ચારે બાજુ ચર્ચા જોવા મળી રહી છે. શો સમાપ્ત થતા પહેલા જ ચારે બાજુ તેની પ્રશંસા થવા લાગી હતી. બોલિવુડમા ટોચના કલાકારો પણ પ્રભાવિત થયા હતા. શોની પ્રશંસામાં શરૂઆતના કલાકોમાં ૨૨૫૪ ટ્વિટ કરવામાં આવ્યા હતા. આ શોનું પ્રસારણ આજે ટેલિવિઝન ચેનલ સ્ટાર પ્લસ અને દુરદર્શન પર કરવામાં આવ્યું હતું. દેશના પૂર્વ પ્રતમ મહિલા આઈપીએસ અધિકારી કિરણ બેદીએ ટ્વિટર પર જણાવ્યું હતું કે આમીરના ટેલિવીજન કાર્યક્રમ સત્યમેવ જયતેને તેઓ પૂરા માર્ક આપે છે. આ ખુબ રચનાત્મક, સત્ય ઉપર આધારિત અને ભાવનાત્મક રીતે લોકોને જોડનાર એક કાર્યક્રમ છે. અભિનેત્રી પ્રિતિ ઝીન્ટાએ કહ્યું છે કે આમીરખાનને ભ્રૂણ હત્યા પર ચર્ચા કરતો જોયો છે. તે આમીરખાનના પ્રયાસની પ્રશંસા કરે છે. એક મહિલા તરીકે તે આમીરખાનનો આભાર માને છે. દિયા મિર્જાએ કહ્યું છે કે લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આ શો ઉપયોગી ભૂમિકા અદા કરશે. ફરહાન અખ્તરે કહ્યું છે કે સત્યમેવ જયતે દિલની વાતો સાથે બનેલા એક શો તરીકે છે. વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી શાબાના આઝમીએ કહ્યું છે કે આમીરખાનના શોનાથી ક્રાંતિ આવી શકે છે. આ શો સંપૂર્ણ શોધની સાથે તૈયાર કરવામાં સફળતા મળી છે. આમા તમામ પાસાઓને સારી રીતે આવરી લેવામાં આવ્યા છે. આ શો અમારી ભાવનાઓને સ્પર્શ કરે છે. સાથે સાથે આત્મમુલ્યાંકનની ફરજ પાડે છે. કબીર બેદીએ કહ્યું છે કે આમીરના શોથી બાળકીઓની હત્યાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

જે દેશ માટે કલંક સમાન છે. ક્રિકેટ કોમેન્ટર હર્ષા ભોગલેએ કહ્યું છે કે આમીર ખાને એ કામ કર્યુ છે જે અંગે અમે હજુ સુધી માત્ર વાત કરી રહ્યા હતા. મોટા ભાગના લોકોએ શોની પ્રશંસા કરી છે પરંતુ કેટલાક ટિકાકારોએ ટિકા પણ કરી છે. તમામ લોકોમાં આ શોની ચર્ચા રહી હતી. ટીઆરપીની રેસમાં આમીરનો આ શો કેટલુ ચાલશે તે ભવિષ્યમાં ખબર પડશે પરંતુ આ શોને લઈને આમીરે ઘણી મહેનત કરી છે. આમીર આ શો મારફતે સમાજમાં નવચેતના લાવવાનો ચોક્કસ પણે પ્રયાસ કરી રહ્યો છે. આમીરનો આ શો ચાહકોમાં ભારે લોકપ્રિયતા જગાવે તેમ પ્રથમ દિવસતી લાગી રહ્યું છે. સાત વર્ષ પહેલા રાજસ્થાનમાં પત્રકારોએ એક સ્ટિંગ ઓપરેસન કરીને તબીબો કઈ રીતે ભ્રૂણ હત્યા કરે છે તે વાતનો ખુલાસો કર્યો હતો. આ બાબતને લઈને સરકારે જિલ્લા પ્રમાણે કેસો ચલાવ્યા છે. જેના કારણે પત્રકારો કોર્ટમાં ફરતા રહે છે. આમીરે લોકોને અપીલ કરી છે કે તેઓ વધારે સંદેશાઓ મોકલાવે. તે સરકારને પત્ર લખીને તમામ કેસો ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા અપીલ કરશે.

માનવ અધિકાર ઉલ્લંઘન કેસમાં ૧૨૯ જવા દોષિત

શ્રીનગર, તા.૬

જમ્મુ કાશ્મીર અને ઉત્તર પૂર્વમાં છેલ્લા બે દશકમાં માનવ અધિકાર ભંગના અનેક મામલાઓ સપાટી ઉપર આવ્યા છે. સંરક્ષણ સૂત્રોએ માહિતી આપતા જણાવ્યુ છે કે ૧૨૯ સેના ના જવાનો માનવ અધિકાર ભંગના મામલામા દોષિત દેખાયા છે. જેમાં ૩ ડઝન ઓફિસરો પણ સામેલ છે. જમ્મુ કાશ્મીર માનવઅધિકાર ભંગના સૌથી વધુ કેસ નોંધાયા છે. વર્ષ ૧૯૯૩માં માનવ અધિકાર સેલની રચના કરવામા આવ્યા બાદથી સેનાને તેના જવાનો સામે માનવ અધિકાર ભંગના ૧૫૦૦થી વધુ આક્ષેપો મળ્યા છે. ૧૫૦૦થી વધુ ફરિયાદો મળ્યા બાદ તેમા તપાસ કરવામાં આવી છે. જો કે આમા મોટાભાગની ફરિયાદો ખોટી અને આધાર વગરની સાબિત થઈ છે. સૂત્રોએ કહ્યુ છે કે માનવ અધિકાર ભંગના ૧૫૩૨ આક્ષેપો પૈકી તપાસમાં જાણવા મળ્યુ છે કે ૧૫૦૮ ફરિયાદો ખોટી સાબિત થઈ છે. જમ્મુ કાશ્મીરમાં ૯૯૫ ફરિયાદો પૈકી ૯૬૧ ખોટી સાબિત થઈ છે જ્યારે ઉત્તર પૂર્વમાંથી ૪૮૫ ફરિયાદો પૈકી માત્ર ૨૯ ફરિયાદો સાચી સાબિત થઈ છે. જમ્મુ કાશ્મીરમાં સૌથી વધારે ફરિયાદ સેનાના અધિકારીઓ સામે થઈ છે. માનવ અધિકાર ભંગના નવ કેસમાં જમ્મુ કાશ્મીરમાં કેટલાક ઓફિસરો સહિત ૫૯ જવાનને સજા કરાઈ છે. આવી જ રીતે દોષિત જાહેર થયા બાદ ઉત્તર પૂર્વમાં ૭૦ જવાનોને સજા કરાઈ છે. સેનાએ ૩૪ કેસોમા વળતર આપ્યુ છે. જે કેસમાં ફરિયાદ પ્રમાણિક દેખાઈ છે તે કેસમાં વળતરની ચુકવણી કરાઈ છે. જમ્મુ કાશ્મીરમાં ૧૫ કેસમા વળતરની ચુકવણી કરાઈ છે.

એર ઈન્ડિયા ઇન્ટરનેશનલ ફ્લાઈટોમાં ૧૬-૨૪ કલાકનો વિલંબ થયો

નવી દિલ્હી,તા.૬

એર ઈન્ડિયાની ઈન્ટરનેશનલ ફ્લાઈટોમાં શનિવારના દિવસે ૧૬થી ૨૪ કલાકનો વિલંબ થયો હતો. કારણ કે પાઈલોટો એકાએક ડ્રીમ લાઈનર બોઈંગ ૭૮૭ની ટ્રેનિંગ માટે સ્થાનિક સેક્ટરના પાઈલોટોને મોકલી દેવાનો નિર્ણય કરતા આનો વિરોધ કરીને એકાએક હડતાળ ઉપર ઉતરી ગયા હતા. ડ્રીમ લાઈનર બોઈંગ ૭૮૭ની ટ્રેનિંગ માટે સ્થાનિક સેક્ટરના પાઈલોટોને મોકલી દેવાના મેનેજમેન્ટના નિર્ણય સામેના વિરોધમાં પાઈલોટો હડતાળ ઉપર ઉતરી ગયા હતા. કોઈપણ સત્તાવાર રીતે હડતાળ પાડવામાં આવી ન હતી. પરંતુ ૭ પાઈલોટો શરૂઆતમાં શુક્રવારના દિવસે માદગીની રજા ઉપર ઉતરી ગયા હતા. શનિવારના દિવસે વધુ કેટલાક પાઈલોટોએ આવુ જ વલણ અપનાવ્યુ હતું. ફ્લાઈટની નિર્ધારિત રવાનગીની ત્રણ કલાક પહેલા ફરજ પર હાજર થવા પાઈલોટ માહિતી આપે છે. પાઈલોટોએ શુક્રવારની રાતથી માદગી અંગે માહિતી આપી દીધી હતી. ત્રણ પાઈલોટો ન્યુયોર્કની ઉડાણ માટે હતા. ૧.૪૫ વાગ્યેથી તેમની ફ્લાઈટ હતી. જ્યારે અન્ય બે પાઈલોટો ટોરંટોની એઆઈની ફ્લાઈટમાં હતા જ્યારે અન્ય બે શિકાગો જતી એઆઈ-૧૨૭ ફ્લાઈટમાં ઓપરેટ હતા. એર ઈન્ડિયાના એક અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે અમે શિકાગોની ફ્લાઈટ માટે વધારાના પાઈલોટોની વ્યવસ્થા કરી શક્ય હતા. જેના કારણે આ ફ્લાઈટ માત્ર ૧૫ મિનિટ મોડી પડી હતી. જો કે અન્ય બે ફ્લાઈટ માટે પાઈલોટોની વ્યવસ્થા થઈ ન હતી. આ અવ્યવસ્થાના કારણે યાત્રીઓને હોટલમાં મોકલી દેવામાં આવ્યા હતા. એઆઈ-૧૦૧ ન્યુયોર્ક ફ્લાઈટ ૨૪ કલાક અટવાઈ પડી હતી. જ્યારે એઆઈ-૧૮૭ ટોરંટો ફ્લાઈટમાં ૧૬ કલાકનો વિલંબ થયો હતો. એઆઈ-૩૮૦ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. જ્યારે રિટર્ન ફ્લાઈટ પણ રદ કરવામાં આવી હતી. ન્યુયોર્ક ફ્લાઈટમાં દેખીતી રીતે રદ કરવામાં આવી હતી. સુત્રોનું કહેવું છે કે શિકાગો માટેના પાઈલોટોએ સૌથી પહેલા બિમાર હોવાની વાત કરી હતી. એર ઈન્ડિયા મેનેજમેન્ટને ત્યારબાદ શંકા ગઈ હતી. ટેકનીકલ ખામીના કારણે વિલંબ છે તેવી વાત કરવામાં આવી હતી. જેથી યાત્રીઓને રોકી રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ હોટલમાં મોકલી દેવામાં આવ્યા હતા. ફ્લાઈટ ક્યારે રવાના થશે તેની માહિતી આપવામાં આવી ન હતી. હોટલની વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી.

નોટિસ આપ્યા વગર પાઈલોટો હડતાળ પણ કેમ જઈ શકે છે તેવા પ્રશ્નો લોકોએ કર્યા હતા. એર ઈન્ડિયાની હાલત હાલમાં કફોડી બનેલી છે ત્યારે પાઈલોટોના આ પ્રકારના વર્તનના કારણે માત્ર હેરાનગતિ જ થઈ રહી નથી બલ્કે તેની પ્રતિષ્ઠાને પણ ફટકો પડી રહ્યો છે.

કઈ ફ્લાઈટો ખોરવાઈ.....

- એર ઈન્ડિયાની ૧૦૧ ન્યુયોર્ક ફ્લાઈટ
- એઆઈ-૧૮૭ ટોરંટો ફ્લાઈટ
- એઆઈ-૧૨૭ શિકાગો ફ્લાઈટ
- એઆઈ-૧૦૧ ન્યુયોર્ક ફ્લાઈટમાં ૨૪ કલાકનો વિલંબ થયો
- એઆઈ-૧૮૭ ટોરંટો ફ્લાઈટમાં ૧૬ કલાકનો વિલંબ થયો
- એઆઈ-૩૮૦ સિંગાપોર ફ્લાઈટ રદ કરાઈ
- કોઈપણ નોટિસ વગર પાઈલોટો હડતાળ પર ઉતરી જતા વિમાની યાત્રીઓ ભારે પરેશાન થયા
- ટેકનીકલ ખામીમાં વિલંબ થવાની પહેલા વાત કરવામાં આવી
- મોડેથી હોટલમાં વ્યવસ્થા કરવામાં આવી
- યાત્રીઓમાં ભારે નારાજગીનું મોજુ ફરી વળ્યુ
- માદગી દર્શાવીની પાઈલોટોએ હડતાળ પાડી

નેપાળમાં અંતે રાષ્ટ્રીય સરકાર રચાઈ

કાઠમાંડુ, તા.૬

નેપાળના વડાપ્રધાન બાબુરામ ભટ્ટારાયે આજે એક એતિહાસિક પગલુ લઈને મુખ્ય વિરોધપક્ષ નેપાળી કોંગ્રેસને સામેલ કરીને રાષ્ટ્રીય સરકારની રચના કરી હતી. આની સાથે જ નેપાળના ઈતિહાસમાં નવા યુગની શરૂઆત થઈ છે. સરકારની રચનાથી દેશમાં વર્ષોથી જારી ઉથલ પાથલ સમાપ્ત થવાની અને નવા બંધારણ લાગુ થવાની આશા ઉજલી બની છે. રાષ્ટ્રીય સરકારની રચનાને લઈને વિરોધ પક્ષોની સાથે કરાર થયા બાદ ભટ્ટારાયની કેબિનેટે ગુરૂવારના દિવસે રાજીનામુ આપી દીધુ હતુ. વિરોધપક્ષોનુ કહેવુ છે કે નવા બંધારણ પર સહમતિ સધાતા પહેલા રાષ્ટ્રીય સરકારની રચના જરૂરી છે. વડાપ્રધાનના પ્રવક્તા રામરીજન યાદવે માહિતી આપતા કહ્યુ હતુ કે પૂર્વ માઓવાદી નેતા ભટ્ટારાયે પ્રથમ તબક્કામાં ૧૧ સભ્યોના પ્રધાન મંડલની રચના કરી છે. જેમાં તેમની પોતાની નેપાળની એકીકૃત કોમ્યુનિસ્ટ પાર્ટીના પાંચ, મુખ્યવિપક્ષી દળ નેપાળી કોંગ્રેના બે તથા ક્ષેત્રીય સ્તરના



નાના નાના પક્ષોના ચાર સભ્યો સામેલ છે. યાદવે કહ્યુ હતુ કે વડાપ્રધાન નેપાળની કોમ્યનિસ્ટ પાર્ટી અમાલેના સભ્યોની પણ નિમણૂક કરશે. મંત્રીમંડળની રચનાની પ્રક્રિયા આવતીકાલે પૂરી થાય તેમ માનવામાં આવે છે. યુનિફાઈડ માર્કવાદી લેલીનવાદી પાર્ટી પણ ડાબેરી વિચારધારા ધરાવતી વિપક્ષી પાર્ટી છે. નેપાળમાં ૨૦૦૬માં માઓવાદી બળવા અને તેના બે વર્ષ બાદ રાજાશાહી વ્યવસ્થા સમાપ્ત થઈ હોવા છતા નેપાળમાં રાજકીય અનિશ્ચિતતા દૂર થઈ નથી. નેપાળમાં વારંવાર બંધારણીય કટોકટી સર્જાય છે. જેના પરિણામ સ્વરૂપે નેપાળની વિકાસની પ્રવૃત્તિને માઠી અસર થઈ છે. હવે દેશ સામે નવા પડકારો ઉભા થઈ ગયા છે. વર્ષ ૨૦૦૬ના શાંતિ કરાર હેઠળ નવા બંધારણને લાગૂ કરવાની બાબત દેશ સમક્ષ પ્રથમ મોટા પડકાર તરીકે છે. પ્રથમ પ્રજાસત્તાક બંધારણને ૨૭મી મે સુધી અંતિમ ઓપ આપવામા આવે તેવી સંભાવના છે. પરંતુ આને લઈને પણ કેટલાક મતભેદો હોવાથી સમગ્ર પ્રક્રિયાને હજુ સુધી અમલી બનાવી શકાઈ નથી. નેપાળમા નવા ઘટનાક્રમને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

ભારતીય-અમેરિકન સમુદાયનો બરાક ઓબામાને સ્પષ્ટ રીતે ટેકો

વોશિંગ્ટન, તા.૬

અમેરિકામાં બરાક ઓબામાએ પ્રમુખ પદની ચૂટણી માટે પ્રચારની શરૂઆત કરી દીધી છે. ઓબામાએ ફેર ચૂટણી ઝુંબેશ શરૂ કરતાની સાથે જ નવા સર્વે અને ગણતરીના દોર શરૂ થી ગયા છે. ભારતીય-અમેરિકન સમુદાયે અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને સ્પષ્ટ રીતે ટેકો આપ્યો છે. નવા સર્વેમાં જણાવવામાં આવ્યુ છે કે ૮૫ ટકા ભારતીય અમેરિકન ઓબામાની સાથે છે. આ ૮૫ ટકા ભારતીય અમેરિકનો ઈચ્છે કે ઓબામાં બીજી વખત પણ પ્રમુખ તરીકે ચુટાઈ આવે. ઓહિયો અને વનજીરાયામાં બે રેલીયો સાથે ફેર ઝૂંબેશ શરૂ કરી દીધી છે. આશરે ૮૫ ટકા ભારતીય અમેરિકનો ઓબામાની સાથે છે. ડીસી સ્થિત પોલીટિકલ કન્સલટન્સી કંપની લેકરિસર્ચ પાર્ટનર દ્વારા કરવામા આવેલા નવા સર્વેમા જણાવવામા આવ્યુ છે કે ભારતીય અમેરિકનો ઓબામાની સાથે દેખાઈ રહ્યા છે આ વાત તેમના નજીકના હરીફ રોમનીને ફટકો આપી શકે છે. ઓબામા ભારતીય અમેરિકન મતાદારોમાં વધુ લોકપ્રિય દેખાઈ રહ્યા છે તેઓ આ ચૂટણીમાં મીટ રોમની ઉપર જંગી લીડ ધરાવે છે. ચાઈનીઝ અમેરિકનોમાં પણ ઓબામા લોકપ્રિય દેખાઈ રહ્યા છે.

મહારાષ્ટ્રમાંથી સીમીના કુખ્યાત શખ્સની ધરપકડ

મુંબઈ,તા.૬

મહારાષ્ટ્ર એન્ટી ટેરિરીઝમ સ્કોર્ડ (એટીએસ) બાતમીના આધારે માર્ચ મહિનામાં ઓરંગાબાદમાથી ફરાર થઈ ગયેલા સીમીના ખતરનાક શખ્સની ધરપકડ કરી છે. પ્રતિબંધિત સંગઠનના અન્ય એક સભ્યને ઠાર મારી દેવામાં આવ્યો ત્યારે તે માર્ચમાં ફરાર થઈ ગયો હતો. એટીએસના વડા રાકેશ મારિયાએ કહ્યું છે કે ધરપકડ કરવામાં આવેલા શખ્સ અનવર હુસૈને સીમીના ચાર શકમંદોને તેની કારમાં ઓરંગાબાદ લાવ્યો હતો જો કે એન્કાઉન્ટર દરમિયાન ઘટનાસ્થળથી તે ફરાર થઈ ગયો હતો. જેમાં એક આરોપી ખલીલ કુરેશી માર્યો ગયો હતો. હુસૈનની આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. પૂછપરછ દરમિયન તેમના મોડલ અંગે નવી માહિતી મળી શકે તેવી શક્યતા છે. અગાઉ પોલીસે અકિલ ખીલજી (૪૫), મોહમ્મદ કુરેશી (૩૨), મોહમ્મદ હુસૈન (૨૦)ની ધરપકડ કરી હતી. મારિયાએ કહ્યું છે કે આ તમામ શકમંદો સ્લીપર સેલના ભાગરૂપે હતા. આ ઉપરાંત પોતાના નેટવર્કને ફેલાવાવની તૈયારીમાં હતા. ખીલજી મધ્યપ્રદેશ સીમી યુનિટના હેડ તરીકે કામ કરી રહ્યો હતો. મધ્ય પ્રદેશમાં તે છુપાયેલો હતો. પોતાના નેટવર્કને ગુપ્ત રીતે આગળ વધારી રહ્યો હતો. પોલીસે તેની પાસેથી એક ૭.૬૫ પિસ્તોલ, પાંચ કારતૂસ, એક પેન ડ્રાઈવ અને જેહાદી સાહિત્ય પણ કબજે કર્યા છે. સફદર નાગોરી અને અબુ ફૈઝલની ધરપકડ કરવામાં આવ્યા બાદ ખીલજી આ સંગઠનની પ્રવૃતિ અને ભરતી ઉપર નજર રાખી રહ્યો હતો. તે આઠ ફોજદારી કેસોમાં સામેલ છે. જેમાં પાંચ ગેરકાયદે અટકાયત પ્રવૃતિના કેસ સામેલ છે. જ્યારે મોહમ્મદ કુરેશી એક કેસમાં સામેલ છે. તેને જામીન મળી ચુક્યા છે. પરંતુ કોર્ટમાં હાજરી આપી નથી. ખીલજી અને અન્ય આરોપીયોએ ગોલ્ડ ફાઈનાન્સ કંપનીમાં ૧૨ કિલો સોનાની ચોરી કરી હતી. આ શખ્સો નવા ભરતી માટે ઘરના સરનામા પર પાસપોર્ટ મેળવવાના પ્રયાસ પણ કરી રહ્યા હતા. એટીએસના વડા મારિયાએ કહ્યું છે કે અનવર હુસૈન પાસેથી નવી વિગત મળી શકે છે. હુસૈને હજુ સુધી કોઈ નક્કર માહિતી આપી નથી.